# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

જિલ્લા સેવા સદન–૨,એનેક્ષી બિલ્ડીંગ, એસ.૪,૫,૬,ભાવનગર
ફોન નં.(૦૨૭૮) ૨૪૨૬૬૨૯, મો. ૯૯૦૯૯૭૦૨૧૨
Email : bhavdeo@gmail.com, Blog: http://deobhav.blogspot.com/

સત્યમેવ જયતે

150 YEARS OF CELEBRATING THE MAHATMA

ક્રમાંક: યોજના/પરચ/૨૦૧૯-૨૦/૩૦ તા.૨૦/૦૧/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/RMSA/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ
ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
જિ.ભાવનગર

વિષય : તક્ષશીલા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ડિપ્લોમાં સેનેટરી ઇન્સપેક્ટર કોર્ષનાં વિદ્યાર્થીઓને તાલીમી પાઠની મંજુરી આપવા બાબત.

સંદર્ભ : તક્ષશીલા ચેરીટેબલ ટ્રસ્ટ, કાળીયાબીડ, ભાવનગરના પત્રાંક : ઇ/ટીસીટી/૩૦/૦૧/૨૦૨૦ તા.૧૭/૦૧/૨૦૨૦

ઉપરોક્ત વિષય તથા સદંર્ભદર્શીત પત્ર અન્વયે જણાવવાનું કે તક્ષશીલા ઇન્સ્ટીટ્યુટ ભાવનગર ખાતે મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી સંલગ્ન ડિપ્લોમા ઇન સેનેટરી ઇન્સપેક્ટર કોર્ષ ચલાવવામાં આવે છે. આ કોર્ષ અંતર્ગત વિદ્યાર્થીઓને ક્ષેત્રકાર્ય દ્વારા વિવિધ પ્રકારની તાલીમ આપવામાં આવે છે. જે અનુસંધાને વિવિધ ક્ષેત્રોમાં સ્વચ્છતા અને આરોગ્ય વિષયે જાગૃતિ ફેલાય અને સ્વચ્છતા અને આરોગ્ય વિષયક પાયાના નિયમો ઘર ઘર સુધી પહોચે એ બાબતનું પ્રયોગાત્મક કાર્ય કરવાનું રહે છે.

તક્ષશીલા સંસ્થા દ્વારા ઉચ્ચતર માધ્યમિક શાળાનાં વિદ્યાર્થીઓ દ્વારા સ્વચ્છતા અને સ્વાસ્થ્યની સાચી સમજણ મળી રહે તેવા તાલીમી કાર્યક્રમનું આયોજન હાથ ધરવામાં આવનાર છે જેમાં સેનેટરી ઇન્સપેક્ટર (S.I) માં અભ્યાસ કરતા તાલીમાર્થીઓ આપની શાળાની મુલાકાત લઇ સ્વચ્છતા અંગે માહિતગાર કરશે અને પોતાના રોજબરોજનાં જીવનમાં ઘર, શાળા તથા પોતાની આસપાસમાં સવચ્છતા રાખવા માટે પ્રોત્સાહિત કરશે. આ તાલીમાર્થીઓને દરેક શાળાઓએ એક કલાકનો સમય ફાળવી સાથ સહકાર આપવા આથી જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

**નકલ રવાના :**
સંચાલકશ્રી/ટ્રસ્ટશ્રી,
તક્ષશીલા ચેરીટેબલ ટ્રસ્ટ,
"તક્ષશીલા" સી-૪૧૧૪, ચિન્મય ભાવાશ્રમની પાછળ, કાળીયાબીડ, ભાવનગર

Scanned by CamScanner